
# સફળતાનું રહસ્ય

જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ




સફળ થવા માટે માત્ર ઈચ્છા હોય તેનાથી ન ચાલે, ઈરાદો હોવો જોઈએ, દ્દઢ વિશ્વાસ હોવો જોઈએ, અંદર એક લગન લાગવી જોઈએ અને એ લગનમાં ધ્યેય પ્રાપ્તિના વિચાર સિવાયના બાકીના બધા જ વિચાર દૂર થવા જોઈએ તો જ સફળતા તમારા ગળાનો હાર બની રહે. આ વાતને એક દ્રષ્ટાંતથી સમજીએ. એક યુવાન સૉક્રેટિસને મળ્યો. એણે સોક્રેટિસને પૂછ્યું, ‘આપ ખૂબ વિદ્વાન અને અભ્યાસુ છો. મારે આપની પાસેથી જાણવું છે કે, સફળતાનું રહસ્ય શું છે?” સૉક્રેટિસે કહ્યું, “સફળતાનું રહસ્ય જાણવું હોય તો તારે મારી સાથે આ નગરની બહાર આવેલા તળાવ ઉપર આવવું પડશે.’’ પેલો યુવાન આ માટે તૈયાર થયો. એટલે સૉક્રેટિસે એની સાથે ગામની બહાર આવેલા તળાવ પર ગયા.

સૉક્રેટિસે યુવાનને કહ્યું, “મારી સાથે તળાવના પાણીમાં ચાલ.” થોડા ઊંડા પાણીમાં ગયા પછી રામકૃષ્ણ પરમહંસે નરેન્દ્રનાથનું માથું પકડીને પાણીમાં ડૂબાવ્યું હતું, તેવી જ રીતે સૉક્રેટિસે આ યુવાનનું માથું પકડીને પાણીમાં ડૂબાડયું. યુવાન તો ડઘાઈ ગયો. સૉક્રેટિસ પૂરી તાકાતથી માથું દબાવી રહ્યા હતા અને પેલો યુવાન બહાર આવવા માટે પૂરા પ્રયાસ કરતો હતો. છેવટે પોતાના જીવ પર આવીને અને તમામ તાકાત લગાવીને સૉક્રેટિસને ફેંકી દીધા. અને પાણીની બહાર આવી ગયો.યુવાને બહાર નીકળીને સૉક્રેટિસને ન સંભળાવવાના શબ્દો સંભળાવ્યા. સૉક્રેટિસે કહ્યું, ‘ભાઈ તારા ગુસ્સાને હું સમજી શકું છું, પરંતુ તારા સવાલનો જવાબ મારે બહુ સરળ રીતે આપવો હતો આથી મારો તારા પર આ પ્રયોગ કરવો પડ્યો.

યુવાને કહ્યું, “સફળતાના રહસ્યને અને આ પ્રયોગને શું લેવાદેવા? સૉક્રેટિસ કહે, ‘તું જ્યારે પાણીમાં હતો ત્યારે તને સૌથી વધુ શાની જરૂર હતી ?” યુવાન કહે, ‘મને એક માત્ર ઑક્સિજનની જરૂર હતી.” સૉક્રેટિસ કહે, તે સમયે તને ઑક્સિજન સિવાય બીજા કયા વિચારો આવતા હતા?’’ યુવાન કહે, ‘‘શું વાત કરો છો ? તમે આવી દશામાં ઑક્સિજન સિવાય બીજા કોઈ વિચાર આવે ખરા ?” સૉક્રેટિસ કહે. “બસ બેટા, સફળતાનું આ જ રહસ્ય છે. ધ્યેય પ્રાપ્તિની તીવ્ર ઝંખના હોય અને ધ્યેય સિવાય બીજા કોઈ વિચાર ન આવે ત્યારે સફળતા મળે. કોઈ કાર્ય હાથમાં લઈએ ત્યારે નિષ્ફળતાનો ડર બતાવનારા અનેક માણસો તમને મળી રહેશે. જો એકાદ નાની નિષ્ફળતા મળે તો આપણે એની વાત સાચી માની લઈશું. પણ જે માનવી પોતાની ધૂનમાં મસ્ત બની અને કોઈનું કંઈ સાંભળ્યા વગર સતત પ્રયાસ કરતો રહે તો વિજેતાનું ઈનામ વિધાતાએ એના માટે તૈયાર રાખ્યું હોય છે. આ વાત એક નાની વાર્તા દ્વારા સમજીએ. એક વાર એક સરોવરમાં દેડકાઓ માટે વિશિષ્ટ પ્રકારની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું. સરોવરની બરાબર વચ્ચે એક વર્ષો જૂનો થાંભલો હતો. સતત ઝરમર વરસાદને કારણે આ થાંભલા પર લીલ બાઝી ગઈ હતી અને એકદમ ચીકણો થઈ ગયો હતો. સ્પર્ધા એવી હતી કે, દેડકાઓએ આ થાંભલાની ટોચ પર પહોંચવાનું હતું.

આ સ્પર્ધામાં ઘણા બધા દેડકાઓએ ભાગ લીધો હરિફાઈનો દિવસ પણ આવી ગયો. સ્પર્ધામાં ભાગ લેનાર બધા દેડકાઓ થાંભલાની ટોચે પહોંચવા માટે થનગની રહ્યા હતા. દેડકાઓની આ હરિફાઈ જોવા માટે એકત્ર થયેલા બીજા દેડકાઓએ અંદરોઅંદર વાતો ચાલુ કરી, “આ રેસ જીતવી શક્ય જ નથી. થાંભલો એટલો ચીકણો થઈ ગયો છે કે ટોચ પર કોઈ નહીં જ પહોંચી શકે. જો થોડે ઊંચે જઈને નીચે પડશે. તો રામ રમી જશે.” ભાગ લેનારા દેડકાઓ આ સાંભળી રહ્યા હતા. આવી વાતો સાંભળીને થોડાએ તો આ રેસમાં ભાગ લેવાનું માંડી જ વાળ્યું. જેમણે ભાગ લીધો તે પણ જ્યાં થોડું ચઢ્યા ત્યાં તો અત્યંત ચીકણા થાંભલાને કારણે નીચે પડયા.

> કોઈ કાર્ય હાથમાં લઈએ ત્યારે નિષ્ફળતાનો ડર બતાવનારા અનેક માણસો તમને મળી રહેશે પણ જે માનવી પોતાની ધૂનમાં મસ્ત બની અને કોઈનું કંઈ સાંભળ્યા વગર સતત પ્રયાસ કરતો રહે તો વિજેતાનું ઇનામ વિધાતાએ એના માટે તૈયાર રાખ્યું હોય છે

એકત્ર થયેલા દેડકાઓ સહીતના બધા જ પ્રાણીઓ કહેવા લાગ્યા, ‘‘જુઓ, અમે કહેતા જ હતા કે, આ શક્ય જ નથી તો પણ ચઢ્યા તો પડ્યા ને હેઠા. કેટલાક એકાદ વધુ પ્રયાસ કરી જોયો, પણ એમાં સફળતા ન મળતા ચઢવાનું માંડી વાળ્યું.

એક નાનો દેડકો વારેવારે નીચે પડવા છતાં ઉપર ચઢવાના પ્રયાસો કરી રહ્યો હતો. એકત્ર થયેલા બધા એને બરાડા પાડીને ઉપર ન ચઢવા સમજાવી રહ્યા હતા. પણ પેલો દેડકો સતત પ્રયાસ કરતો હતો. અને અનેક વખત નીચે પડવા છતાં ચાલુ રાખેલા પ્રયાસોને કારણે એ થાંભલાની ટોચ પર પહોંચી ગયો અને હરીફાઈમાં જીતી ગયો.

મિત્રો, સંસ્કૃતના સુભાષીતમાં સમજાવ્યું છે કે, ઉદ્યમ - મહેનત - સફળતાથી જ કાર્ય સિદ્ધ થાય છે. જે રીતે સૂતેલા સિંહના મુખમાં હરણાઓ આપોઆપ આવી જતા નથી. પ્રયત્નો કરવાથી જ કાર્યમાં સફળતા મળે છે. જે માણસ આળસ અને કાર્યમાં નિષ્ક્રિયતા અનુભવે છે એને સફળતા મળતી નથી. ઈશ્વર પાસે પણ સાચું સુખ અને શાંતિ ઈચ્છીએ છીએ તો તે માટે સાચા હૃદયની ઈશ્વર પ્રત્યેની આપણી પ્રાર્થના અવશ્ય ફળીભૂત થાય છે.

ચાલો આપણે પરિવાર સાથે સાચા હૃદયથી સર્વ પ્રત્યે શુભભાવના રાખીએ અને જીવન જીવવાની સફળતાનું રહસ્ય જીવનમાં ઉતારીએ.ઓમ્ શાંતિ...

# સંસારવૃક્ષ

જીવનની વચ્ચોવચ્ચ
શ્રીમદ્ ભગવદ્ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

પૂર્વ અધ્યાયમાં સાચા ભક્તનાં લક્ષણોની સાથે કેટલીક તત્ત્વચર્ચા કર્યા પછી હવે ભગવાન કૃષ્ણ પંદરમા અધ્યાયનો ઉઘાડ કરે છે.ગીતા ઘોષણા કરે છે કે ‘પુરુષોત્તમ-યોગ’ નામના પંદરમાં અધ્યાયના અધ્યયનથી પરમ-તત્ત્વ પુરુષોત્તમના સર્વોપરી મહિમાનો બુદ્ધિયોગ ખૂબ જ સુલભ થઈ રહે છે.

આ અધ્યાયના આરંભમાં જ સંસારને વૃક્ષની (૧૫/૧) ઉપમા આપીને, તેનું નાશવંતપણું જણાવીને સંસારની આસક્તિ છોડવાના સંકેતો સમાયા છે. ભગવાન કૃષ્ણ કહે છે-

“હે પાર્થ! તત્ત્વજ્ઞાનીઓ આ નાશવંત સંસારને એક એવું વૃક્ષ કહે છે કે જેનું મૂળ ઉપર તરફ અને શાખાઓ નીચે ફેલાયેલ છે. તેના પાંદડાં વેદો છે. તેની

> તત્ત્વજ્ઞાનીઓ આ નાશવંત સંસારને એક એવું વૃક્ષ કહે છે કે જેનું મૂળ ઉપર તરફ અને શાખાઓ નીચે ફેલાયેલ છે. તેના પાંદડાં વેદો છે. તેની ડાળીઓને પોષનારા જળ તરીકે માયિક ત્રણ ગુણો છે. પંચ-વિષયો તેની કૂંપળો છે

ડાળીઓને પોષનારા જળ તરીકે માયિક ત્રણ ગુણો છે. પંચ-વિષયો તેની કૂંપળો છે. મનુષ્યલોકમાં કર્મ દ્વારા બંધન કરાવનારી તેની ડાળીઓ ઉપર-નીચે આમ-તેમ ખૂબ જ ઘનીભૂત થઈને દેવ, મનુષ્ય, પશુ વગેરેના શરીરો-રૂપે ફેલાયેલી છે. જે આ સંસારવૃક્ષને જાણે છે તે વેદના રહસ્યને જાણી જાય છે.”

હા, લૌકિક સંસારની આસક્તિ તૂટતા માણસ ખરા અર્થમાં જ્ઞાની બને છે. જે વ્યક્તિ આ સંસારના અસાર



સ્વભાવને જાણે છે, તે જ જીવનના મર્મને સમજી શકે છે.

‘આપણો જીવનકાળ મર્યાદિત છે’- એક વાર આપણે આ સત્ય સ્વીકારી લઈશું તો આપણે પરિપૂર્ણ, વધુ અર્થસભર અને સંતોષી જીવન જીવી શકીશું. મૃત્યુ આપણને જીવન વિશે શીખવે છે. આપણા જીવનની આ છેલ્લી ડેડલાઇનનો અહેસાસ કરવાથી આપણી કાર્યશક્તિ, સ્પષ્ટતા અને સ્થિરતામાં સુધારો થશે. જે લોકો આ શાણપણને સમજી શક્યા છે તેઓએ અદ્ભુત વસ્તુઓ પ્રાપ્ત કરી છે. iPhone અને બીજી એપલ પ્રોડક્ટના સર્જક તરીકે પ્રખ્યાત એવા ઈનોવેટિવ જીનિયસ સ્ટીવ જોબ્સ. 2003માં તેમને કેન્સર હોવાનું નિદાન થયું ત્યારે બીજી વ્યક્તિની જેમ તેમણે પણ નહોતું વિચાર્યું કે મૃત્યુ આટલું જલ્દી આવશે પણ જ્યારે તેઓ આ વાસ્તવિકતાને સ્વીકારી શક્યા ત્યારે એમાંથી ઘણું શીખ્યા અને પછી જીવનનો જે થોડો ઘણો સમય વધ્યો હતો તે સમયનો એમણે ઘણી બધી અદ્ભુત વસ્તુઓને પૂર્ણ કરવામાં ઉપયોગ કર્યો હતો. તેથી જ મોક્ષમાર્ગે ચાલતા મુમુક્ષુઓને માર્ગમાં આવતી માયાનિર્મિત મુશ્કેલી-માત્રથી માહિતગાર કરતા માર્ગદર્શક માધવ માયામય સંસારનો મર્મ સમજાવે છે. અહીં, ભગવાને મૂળમાયામાંથી ઉદભવેલા સમગ્ર સંસારના સૃષ્ટિ-સર્ગને અશ્વત્થ(નાશવંત) વૃક્ષની ઉપમા આપીને સંસારની અસારતા સ્પષ્ટ કરી આપી છે. આ સંસારની ઉત્પત્તિ ઉપરથી એટલે કે મૂળમાયામાંથી શરૂ થતી મનુષ્ય, પશુ, વન, પર્વત વગેરે સ્થાવર-જંગમ સૃષ્ટિ સુધી વિસ્તાર પામે છે. તેથી આ સંસારરૂપી વૃક્ષનું કારણ મૂળ (મૂળ માયા) ઉપર તરફ અને ડાળીઓ(સ્થાવર-જંગમ સૃષ્ટિઓ) નીચે તરફ આલેખાય છે.

વળી, આ સંસારમાં અજ્ઞાનથી તપતા માનવીઓને વેદો જ્ઞાનરૂપી છાંયો આપનાર ઉપકારક થતા હોવાથી તે આ સંસારવૃક્ષમાં પાંદડાંઓનું સ્થાન શોભાવે છે.

જેમ વૃક્ષની ડાળીઓ પાણી વડે વૃદ્ધિ પામે છે તેમ આ સંસાર માયાના સત્ત્વાદિક ત્રણ ગુણો વડે ચાલે છે. તેથી જ આ ત્રિગુણરૂપી જળથી પોષણ પામેલ સંસારવૃક્ષમાં શબ્દાદિક પંચવિષયોરૂપી કૂંપળો ડાળીએ-ડાળીએ ફૂટી નીકળેલ છે. આવા પંચવિષયોની કૂંપળોથી ફૂલ્યા-ફાલ્યા સંસારવૃક્ષની દેવલોક વગેરે શાખાઓ વૃક્ષના ઉચ્ચ ભાગમાં અને પાતાળલોક વગેરે શાખાઓ વૃક્ષના નિમ્ન ભાગમાં અતિશય ઘનીભૂત થઈને ફેલાયેલી છે. તે પ્રત્યેક ડાળીના મૂળમાં રહેલા બંધનકારી કર્મો, સંસારવૃક્ષનો ડાળી સાથેનો સાંધો-બાંધો મજબૂત કરી આપનારા છે. આમ, મૂળ પ્રકૃતિ તો આખા સંસારવૃક્ષનું મૂળ છે જ, તેની સાથે-સાથે પંચવિષયની આસક્તિથી કરાયેલાં કર્મો પણ આખા વૃક્ષમાં વચ્ચે-વચ્ચે ફેલાયેલા દેવ, મનુષ્યાદિક શાખાઓને બાંધી રાખતા બંધનનું મૂળ બની રહે છે. સંસારનું આવું બંધનકારી સ્વરૂપ સમજાઈ જાય તો વિના વિલંબે વૈરાગ્યરૂપી કુહાડીથી તેનો ઉચ્છેદ થઈ શકે પરંતુ સંસારનું આવું સ્વરૂપ જાણવું એ કંઈ સહેલી-સુલભ વાત નથી. અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુ દ્વારા જ સંસારનું નાશવંતપણું સમજાય છે, વૈરાગ્ય પમાય છે.

આવા વૈરાગ્યથી આસક્તિ ટાળવા ટુક-ટુક થઈ મંડી પડેલો મુમુક્ષુ અક્ષરધામમાં રહેલા પુરુષોત્તમ ભગવાનનું શરણું પામી શકે છે. આ જ વાત દૃઢાવતાં મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે,

‘સંસારી જીવોને સંસારનું સ્વરૂપ જેમ છે તેમ જણાતું નથી. આ સંસાર કેવી રીતે ઉદ્ભવે? કેવી રીતે ટકે છે? કેવી રીતે નાશ પામે? તે બાબતે બધા જીવો અબુદ્ધ-અજાણ છે. આવા અજ્ઞાનથી ઘનીભૂત થયેલા આ સંસારવૃક્ષને વૈરાગ્યરૂપી તીક્ષ્ણ કુહાડી વડે ઉચ્છેદીને નિર્મૂળ કર્યા પછી, એ અક્ષરધામમાં જવા માટે પ્રયત્નો આદરવા કે જ્યાં ગયેલા ભક્તો ક્યારેય સંસારના બંધનમાં પાછા ફરતા-અટવાતા નથી.

હા, જીવની અંતિમ ગતિ પરમાત્માનું ધામ છે, જ્યાં અક્ષય સુખની પ્રાપ્તિ પછી બીજી કોઈ પ્રાપ્તિ બાકી રહેતી નથી.